**ક્રિ. કે. નં.૧૦/૨૦૧૯**

**<u>-: આંક -૦૧ તળે હુકમ :-</u>**

આજરોજ ફરીયાદી તથા સાહેદો હાજર છે તેમજ એ.પી.પી.શ્રી હાજર છે. આ કામે કેસ રેકર્ડ વંચાણે લેતાં આ કામના આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની કલમ-૪૦૬ તથા ૪૨૦ મુજબના ગુનાનો આક્ષેપ છે. આજરોજ આ કામે ફરીયાદી આંક-૨૬ થી વિડ્રો પુરસીસ રજૂ કરી ફરીયાદી, દુકાનના માલીક તેમજ સાહેદ સદર કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે. વધુમાં આ કેસમાં આરોપી મળી આવેલ નથી કે વારંવાર બજવણીના પ્રયત્નો કરવા છતાં બજવણી થઈ શકેલ નથી. આમ, ફરીયાદી/સાહેદોને આરોપી સામેનો કેસ માંડવાળ કરવા પુરસીસથી જાહેર કરેલ છે. સદરહું પુરસીસ ફરીયાદી તથા સાહેદોને વાંચી સંભળાવી, સમજાવતા તેઓએ સ્વેચ્છાએ કબુલ મંજૂર રાખેલ છે. ફરીયાદ હકીકત લક્ષમાં લેતાં આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની કલમ-૪૦૬ તથા ૪૨૦ મુજબનો આક્ષેપ છે. જે સી.આર.પી.સી. ની કલમ-૩૨૦(૨) ની જોગવાઈ ધ્યાને લેતા સમાધાનપાત્ર ગુનો હોઈ અને ફરીયાદી સદર ફરીયાદ માંડવાળ કરતા હોઈ અને હવે સદરહું ફરીયાદ આગળ ચલાવવા માંગતા ન હોઈ આ તમામ સંજોગો ધ્યાને લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપીને સી.આર.પી.સી. ની કલમ-૩૨૦(૨) ની જોગવાઈ મુજબ તેની સામે નોંધાયેલ ભારતીય ફોજદારી ધારાની કલમ-૪૦૬ તથા ૪૨૦ ના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે ભવિષ્યમાં જો ફરીયાદીનો મુદ્દામાલ આરોપી પાસેથી મળી આવે તો તેમનો તેવો મુદ્દામાલ ઉપરનો માલીકી હકક અબાધીત રાખી આ કેસ આંક-૨૬ ની વિડ્રો પુરસીસ આધારે ફેસલ કરવામાં આવે છે.

તા. ૦૫/૦૫/૨૦૨૬
વિરપુર

**( દિલીપસિંહ જશવંતસિંહ ભાટી )**
જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ,વિરપુર
કોડ નં. જી.જે.૦૧૪૬૦